# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-01-2025** **MORNING: 7.45 to 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **રિધ્ધી ઉંધાડ** વાંચે છે.

*******************************************************

1. પ્રજાસત્તાક દિવસની ઉજવણીના ભાગ રૂપે, આજે નવી દિલ્હીના વિજય ચોક ખાતે બીટિંગ રીટ્રીટ સમારોહ યોજાશે
2. ઇસરોએ શ્રીહરિકોટાથી તેનુ 100મું સીમાચિહ્નરૂપ પ્રક્ષેપણ કરીને અનોખી સિધ્ધિ હાંસલ કરી
3. મૌની અમાવાસ્યા નિમિત્તે પ્રયાગરાજના ત્રિવેણી સંગમ ઘાટ ઉપર બીજા અમૃત સ્નાન માટે  કરોડો શ્રધ્ધાળુઓ ઉમટ્યાં
4. યુમનાના પાણીના મુદ્દે કેન્દ્રીય ચૂંટણી પંચે આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલને નોટિસ આપી
5. ICC મેન્સ ક્રિકેટર ઓફ ધ યર 2024નો ખિતાબ જીતીને ક્રિકેટ જગતમાં બૂમરાહે ગુજરાતનો ડંકો વગાડ્યો

.................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# BEATING RETREAT

પ્રજાસત્તાક દિવસની ઉજવણીના ભાગ રૂપે, આજે નવી દિલ્હીના વિજય ચોક ખાતે બીટિંગ રીટ્રીટ સમારોહ યોજાશે. આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને અન્ય કેન્દ્રીય મંત્રીઓ ઉપસ્થિત રહેશે.

આ વર્ષે બીટિંગ રીટ્રીટ સમારોહમાં કુલ 30 પ્રદર્શન આર્મી, નેવી, એરફોર્સ અને સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સના બેન્ડની સૂરાવલીઓ દર્શકોને મંત્રમુગ્ધ કરશે.

# ISRO LAUNCHING

ભારતીય અવકાશ સંશોધન સંગઠન, ઇસરોએ ફરી એક વખત નવી સિધ્ધિ હાંસલ કરી છે. ઇસરોએ આંધ્રપ્રદેશના શ્રીહરિકોટાથી તેના 100મુ સીમાચિહ્નરૂપ પ્રક્ષેપણ કર્યું  છે.

આજે સવારે 6:23 વાગ્યે, GSLV F-15 રોકેટે સતીશ ધવન સ્પેસ સેન્ટરથી ઉડાન ભરી હતી, જે NVS-02 નેવિગેશન સેટેલાઇટને જીઓસિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બિટમાં લઈ જશે. NVS-02 ઉપગ્રહ એ ભારતીય નક્ષત્ર (NavIC) સિસ્ટમ સાથેની બીજી પેઢીના નેવિગેશનનો એક ભાગ છે, જે ભારતની સ્વતંત્ર પ્રાદેશિક નેવિગેશન સેટેલાઇટ સિસ્ટમ છે. જે ભારતમાં લગભગ 1500 કિલોમીટરના વિસ્તાર સુધીના વપરાશકર્તાઓને સચોટ સ્થિતિ, વેગ અને સમય સેવા પ્રદાન કરવા માટે રચાયેલ છે.

# MAHAKUMBH MAUNI AMAVASYA

અને હવે સાંભળીયે મહાકુંભ અંગેનાં સમાચાર.......

(MAHAKUMBH OPNING MUSIC)

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં મૌની અમાવસ્યા નિમિત્તે મહાકુંભનું બીજું અમૃત સ્નાન ચાલી રહ્યું છે. કરોડો શ્રધ્ધ્ધાળુઓ આસ્થાની ડુબકી લગાવવા માટે ત્રિવેણી સંગમ પહોંચ્યા છે.

મૌની અમાવસ્યાનું ધાર્મિક મહત્વ ખૂબ જ મહત્વપૂર્ણ છે, અને આ દિવસે અમૃત સ્નાન ખૂબ જ શુભ માનવામાં આવે છે. વિશ્વના સૌથી મોટા ધાર્મિક મેળાવડા તરીકે ઓળખાતો મહા કુંભ મેળો 13 જાન્યુઆરીએ શરૂ થયો હતો અને પહેલું અમૃત સ્નાન 14 જાન્યુઆરી, મકરસંક્રાંતિના રોજ થયું હતું.

ઉત્તરપ્રદેશ સરકારે સાત-સ્તરીય સુરક્ષા યોજના લાગુ કરી છે અને મહાકુંભના મેળા વિસ્તારને વાહન અને વીઆઈપી વગરનો ઝોન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે. કટોકટીની સ્થિતિમાં ભક્તોને મદદ કરવા માટે રાજ્ય અને કેન્દ્ર પોલીસ, ટ્રાફિક પોલીસ અને નિષ્ણાત ડોકટરોની એક સમર્પિત ટીમ ચોવીસ કલાક તૈનાત કરવામાં આવી છે. મહાકુંભમાં ભાગદોડના અહેવાલ બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે વાત કરીને હાલની સ્થિતિ અંગેની જાણકારી મેળવી. પ્રધાનમંત્રીએ તાત્કાલિક સહાય માટે નિર્દેશ પણ આપ્યા. ભાગદોડની ઘટના બાદ હાલ સ્થિતિ નિયંત્રણમાં છે. ઘટનાને લઈને પ્રશાસને શ્રદ્ધાળુઓને સાવચેતી રાખવા અપીલ કરી છે.

(MAHAKUMBH CLOSING MUSIC)

# ALL PARTY MEETING

સંસદના બજેટ સત્ર અગાઉ સરકારે આવતીકાલે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. સંસદનું બજેટ સત્ર શુક્રવારથી શરૂ થશે. શનિવારે, નાણામંત્રી નિર્મલા સીતારમણ સંસદમાં કેન્દ્રીય બજેટ 2025-26 રજૂ કરશે.

# PM MODI ON SPORTS BUDGET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે સાંજે ઉત્તરાખંડની રાજધાની દેહરાદૂન ખાતે 38મા રાષ્ટ્રીય રમતોનું ઉદ્ઘાટન કર્યું હતું. દેશભરના ખેલાડીઓએ એકતા અને ખેલદિલીનું પ્રદર્શન કરતી જીવંત એથ્લીટ્સ પરેડમાં ભાગ લીધો હતો.

ઓલિમ્પિયન લક્ષ્ય સેન દ્વારા શ્રી મોદીને રાષ્ટ્રીય રમતોની મશાલ, તેજસ્વિની ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી મોદીએ કહ્યું કે, સરકાર રમતગમતને વધુ પ્રાધાન્ય આપી રહી છે.. તેમણે કહ્યું કે, સ્પોર્ટસને પ્રોત્સાહન આપવા માટે સરકાર બજેટમાં પણ સતત વધારો કરી રહ્યું છે.

## (બાઇટ:નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . .

# EC KEJRIVAL

**ચૂંટણી પંચે આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલને એક ઇન્ટરવ્યુ દરમિયાન યમુના નદીમાં ઝેર ભેળવવાના આરોપો પર ભાજપ અને કોંગ્રેસ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદોના સંદર્ભમાં નોટિસ ફટકારી છે.**

**અરવિંદ કેજરીવાલ આજે રાત્રે 8 વાગ્યા સુધીમાં પુરાવા સાથે ફરિયાદો પર પોતાનો જવાબ રજૂ કરશે. કમિશને કહ્યું કે, તેમણે દિલ્હી જળ બોર્ડના અહેવાલનો અભ્યાસ કર્યો છે જેમાં યમુનામાં કોઈ ઝેરીકરણનો ઉલ્લેખ નથી.**

# T-20 MATCH

**રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે ગઇકાલે રમાયેલી ત્રીજી ટી-20 મેચમાં ઇંગ્લેન્ડે ભારતને 26 રને હરાવ્યું હતું. ઇંગ્લેન્ડ દ્વારા આપવામાં**

આવેલા 172 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, ભારત નિર્ધારિત 20 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને માત્ર 145 રન જ બનાવી શક્યું હતું..

અગાઉ, બેટિંગ માટે ઉતર્યા બાદ, ઇંગ્લેન્ડે 20 ઓવરમાં 9 વિકેટે 171 રન બનાવ્યા. બેન ડકેટના 28 બોલમાં 51 રનની વિસ્ફોટક ઇનિંગથી મજબૂત શરૂઆત કરી, જ્યારે લિયામ લિવિંગસ્ટોનના 24 બોલમાં 43 રનની સહાયથી પ્રવાસી ટીમે 171 રન કરી લીધા હતા. ભારત તરફથી, વરુણ ચક્રવર્તીએ 5 વિકેટ ઝડપી હતી..

હાર્દિક પંડ્યાએ 35 બોલમાં 40 રન બનાવ્યા તેમ છતા પણ ભારત ઇગ્લેંડ સામે જીતી શક્યુ ન હતું. ઈંગ્લેન્ડ તરફથી જેમી ઓવરટએ 3 વિકેટ લીધી હતી.

આ હાર છતાં, સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમ હજુ પણ 5 મેચની શ્રેણીમાં 2-1થી આગળ છે. શ્રેણીની ચોથી મેચ શુક્રવારે પુણેના મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ ખાતે રમાશે.

# BUMRAH - BEST CRICKETER

વિશ્વ ક્રિકેટમાં બૂમરાહે ગુજરાતનો ડંકો વગાડ્યો છે.. ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહને તમામ ફોર્મેટમાં તેમના અસાધારણ પ્રદર્શન બદલ ICC મેન્સ ક્રિકેટર ઓફ ધ યર 2024 માટે પ્રતિષ્ઠિત સર ગારફિલ્ડ સોબર્સ ટ્રોફીથી સન્માનિત કરવામાં આવ્યા છે. બુમરાહ આ એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય ઝડપી બોલર બન્યા છે, અગાઉ રાહુલ દ્રવિડ, સચિન તેંડુલકર , રવિચંદ્રન અશ્વિન અને વિરાટ કોહલીને આ એવોર્ડ મળી ચૂક્યો છે..

બુમરાહે 2024 માં USA અને વેસ્ટ ઈન્ડિઝમાં આયોજિત ભારતની T20 વર્લ્ડકપ જીતમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેઓ 15 વિકેટો સાથે ટુર્નામેન્ટના સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યા. કારણ કે, ભારતે ફાઇનલમાં દક્ષિણ આફ્રિકાને હરાવીને ટ્રોફી જીતી હતી. ટેસ્ટ ક્રિકેટમાં, બુમરાહનું વર્ષ પણ એટલું જ પ્રભાવશાળી રહ્યું, તેમણે 13 મેચમાં 71 વિકેટ લીધી, જે 2024માં કોઈપણ બોલર દ્વારા લેવામાં આવેલી સૌથી વધુ વિકેટ છે. ભારતની તમામ ફોર્મેટમાં સફળતામાં તેમનું યોગદાન મહત્વપૂર્ણ રહ્યું.

આ અઠવાડિયાની શરૂઆતમાં, બૂમરાહે ICC મેન્સ ટેસ્ટ ક્રિકેટર ઓફ ધ યરનો એવોર્ડ પણ જીત્યો, જેનાથી વર્ષના શ્રેષ્ઠ ખેલાડીઓમાંના એક તરીકે તેમનું સ્થાન વધુ મજબૂત બન્યું.

# ISRAEL - UNRWA

ઇઝરાયલે UNRWAની તમામ પ્રવૃત્તિઓ ઉપર તેના પ્રદેશમાં પ્રતિબંધ લાદી દીધો છે. ઇઝરાયલે સંયુક્ત રાષ્ટ્રની પેલેસ્ટિનિયન રાહત એજન્સી સાથે તમામ સંબંધો પૂર્ણ કર્યા હોવાની પણ  જાહેરાત કરી છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘની એજન્સી, UNRWA, કબજા હેઠળના પેલેસ્ટાઇન નાગરિકો માટે  આરોગ્યસંભાળ અને શિક્ષણ પ્રદાન કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ સંગઠનનો દાવો છે કે, વર્તમાન યુદ્ધની શરૂઆતથી ગાઝા પટ્ટીમાં પહોંચાડવામાં આવેલી કુલ ખાદ્ય સહાયના 60 ટકા પૂરા પાડવામાં આવ્યા છે.

ઇઝરાયલ સતત UNRWA પર આરોપ લગાવી રહ્યું છે કે, 7 ઓક્ટોબર, 2023 ના રોજ ઇઝરાયલ પર હમાસના ઘાતક હુમલામાં સંયુક્ત

રાષ્ટ્રની આ એજન્સીએ ભૂમિકા ભજવી હતી, જેના પરિણામે 1 હજાર થી વધુ ઇઝરાયલીઓ માર્યા ગયા હતા અને 250 ને બંધક બનાવાયા હતા.

# MEA-CANADA

કેનેડામાં કથિત હસ્તક્ષેપ સંબંધિત કથિત પ્રવૃત્તિઓનો દાવો કરતા કેનેડિયન અહેવાલને ભારતે ફગાવી દીધો છે. વિદેશમંત્રાલયે આરોપોને ફગાવતાં ભારપૂર્વક કહ્યું કે, વાસ્તવિકતા એ છે કે કેનેડા જ ભારતની આંતરિક બાબતોમાં સતત દખલ કરી રહ્યું છે.

વિદેશમંત્રાલયે વધુમાં જણાવ્યું કે, આવી દખલગીરી ગેરકાયદેસર સ્થળાંતર અને સંગઠિત ગુનાહિત પ્રવૃત્તિઓ માટે વાતાવરણ પણ ઊભું કરે છે. ભારત વિશેના અહેવાલના સંકેતોને નકારી કાઢતા, વિદેશમંત્રાલયે કહ્યું કે, ગેરકાયદેસર સ્થળાંતરને વધુ બળવત્તર બનાવતી કોઇ પણ પ્રવૃત્તિને ચલાવાશે નહી.

# WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, ઉપ હિમાલય પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં ગાઢ ધુમ્મસની આગાહી કરી છે. આગામી બેથી ત્રણ દિવસ સુધી ઉત્તર પ્રદેશ, ગંગા પશ્ચિમ બંગાળ, દરિયાકાંઠાના ઓડિશા અને બિહારના અલગ-અલગ વિસ્તારોમાં પણ આવી જ સ્થિતિ રહેવાની આગાહી છે.

હવામાન વિભાગ અનુસાર, આગામી બે દિવસ સુધી અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં વાવાઝોડા સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. IMD એ આગામી ચાર દિવસ દરમિયાન ઉત્તરપશ્ચિમ, મધ્ય અને પૂર્વ ભારતમાં તાપમાનમાં 2-4 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી પણ કરી છે.

## હવે જોઇએ આજના અખબારોના મુખ્ય સમાચાર હર્ષલ પંડયા

- આજે અખબારોએ અલગ અલગ સમાચારને હેડલાઇન્સમાં છાપ્યા છે જેમાં શ્રીલંકાની નેવી દ્વારા ભારતીય માછીમારો ઉપર ગોળીબાર કર્યો , ટ્રમ્પે ભારત સહિતના દેશો ઉપર ટેરિફ લગાવવાની ચીમકી ઉચ્ચારી , મોદીને અમેરિકા આવવા સાથે ટેરિફની ચેતવણી મહાકુંભમાં આજે મૌની અમાવાસ્યા નિમિત્તે કરોડો ભક્તોનું સ્નાન જેવા સમાચાર મુખ્ય છે.
- શ્રીલંકન નેવીનું ભારતીય માછીમારો  પર ફાયરિંગ આ હેડલાઇન આજે સંદેશે બનાવી છે
- ગુજરાત સમાચારની હેડલાઇન છે- મોદીને અમેરિકા આવવા આમંત્રણ સાથે ટેરિફની ચેવતણી
- નવગુજરાત સમય , અંગ્રેજી અખબાર ટાઇમ્સ ઓફ ઇન્ડિયા એ ટ્રમ્પની ભારત પર ટેરિફ લાદવાની ચીમકીના સમાચાર હેડલાઇનમાં છાપ્યાં છે.

- આ ઉપરાંત તમામ અખબારોએ 38માં રાષ્ટ્રીય રમતોત્સવના આરંભને તસવીર સાથે પ્રસિધ્ધ કર્યા છે.
- જ્યારે રાજ્ય અને સ્થાનિક સમાચારમાં રાજ્યમાં 10 લાખ મેટ્રિક ટન મગફળીની વિક્રમ જનક ખરીદી, ધોળકાની ફેક્ટરીમાંથી ૫૦ કરોડનો એટીસેએસ ટ્રામાડોલનો જથ્થો જપ્ત કર્યો તે સમાચાર પણ જોવા મળી રહ્યાં છે.
- જ્યારે સ્પોર્ટસ પેજ ઉપર રાજકોટમાં રમાયેલી ઇગ્લેડ સામેની ત્રીજી ટી-20માં ભારતના પરાજયના સમાચાર પણ દરેક અખબારોએ છાપ્યા છે..